વડીલોને વંદન અભિનંદન

હિતેષી જીતેન્દ્રકુમાર ભટ્ટ
(૧૯૪૯)ફોનઃ ૨૩૨૪૩૦૬૬

બેંકમાં દસ વર્ષથી નિષ્ક્રિય રહેલા ખાતાઓને સક્રિય કરવા ખાતેદારોનો ઘસારો

રિઝર્વ બેંકના આદેશ મુજબ શનિવાર છેલ્લો દિવસ હતો : નિષ્ક્રિય ખાતાઓની જમા રકમ રિઝર્વ બેંક ખાતે જશે

ગાંધીનગર, તા. ૨૮

દેશભરની તમામ બેંકોને રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાએ નિષ્ક્રીય ખાતાઓની જમા રકમ અંગે જાગૃતી કેળવી કેવાયસી નોમ્સ મેળવી લેવડદેવડ કરી સક્રિય કરવા આખરી જાણ કરવા જણાવી દીધુ હતુ. જેમાં શનિવારના રોજ આ આદેશના અમલનો આખરી દિવસ હતો. જેથી શહેરની તમામ બેંકોમાં ખાતેદારોએ ખાતા સક્રિય કરવા ભારે ઘસારો કર્યો હતો જેથી બેંકોમાં ભારે ચહલપહલ જોવા મળી હતી.

પ્રાપ્ત વિગતોનુસાર રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાએ નોટીફીકેશન બહાર પાડી દેશની તમામ બેંકોને આદેશ કર્યો હતો. જેમાં છેલ્લા દસ વર્ષથી બેંકમાં નિષ્ક્રિય પડી રહેલ દરેક ખાતાઓની તમામ જમા રકમ 'ડીપોઝીટર્સ એજ્યુકેશન એન્ડ અવેરનેસ સ્કીમ-૨૦૧૪' હેઠળ રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના 'ઈ-કુબેર' ખાતામાં જમા કરાવવાની રહેશે. જેથી તમામ બેંકોએ પોતાના ખાતેદારોને વ્યક્તિગત તથા જાહેર નોટીસ દ્વારા આવા નિષ્ક્રિય ખાતાઓને સક્રિય કરવા કેવાયસી નોમ્સાની પૂર્તતા કરી ખાતામાં લેવડદેવડ કરવી પડે છે. જેથી આવા ખાતાઓને સક્રિય કરવા છેલ્લા બે દિવસથી ગાંધીનગર અને રાજ્યભરની બેંકોમાં ખાતેદારોએ ઘસારો કરી પોતાની જમા રકમ સાચવી રાખવાની પ્રક્રિયામાંથી પસાર થયા હતા.

દરેક બેંકોએ નિષ્ક્રિય ખાતાઓની જમા રકમ તા. ૩૦-૬-૧૪ સુધી રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના 'ઈ-કુબેર' ખાતામાં જમા કરાવવાની છે. જેથી શનિવાર છેલ્લો દિવસ આ આદેશના અમલમાં રહેતા તમામ બેંકો પણ આ વહીવટી પ્રક્રિયામાં જોરશોરથી કામે લાગી ગઈ હતી. નિષ્ક્રિય ખાતેદારોએ રહેઠાણનો પુરાવો, ઓળખનો પુરાવો તથા ફોટા સાથે લેવડદેવડ કરવા માટે રકમ લઈને બેંકોમાં પહોંચી ગયા હતા. બેંકોમાં પણ શનિવાર હોઈ કામકાજનો સમય રોજ કરતા અડધો હોવાથી કામનું ભારણ ખુબજ વધી ગયું હતું. જાણવા મળ્યા મુજબ બેંકોમાં કેટલાક ખાતા વાલીવારસ વગર મોટી રકમના બેલેન્સ સાથે વર્ષોથી જેમની તેમ પડી રહ્યા છે. જે સરકારે સારા હેતુ માટેના ઉપયોગ અર્થે વાપરવાનો નિર્ણય કરેલ છે.

સજીવ ખેતી પદ્ધતિ ખેત ઉત્પાદન ક્ષેત્રે ચમત્કાર સર્જી શકે છે. રાંધેજા ગુજરાત વિદ્યાપીઠ ખાતે રહેતા મનહરભાઈ મકવાણા પોતાના ખેતરમાં નહીં પરંતુ ઘરના વિશાળ આંગણામાં અવનવા શાકભાજી સજીવ ખેત પદ્ધતિથી ઉગાડી રહ્યા છે. થોડાક મહિનાઓ પૂર્વે તેઓએ નાંખેલો શક્કરીયાનો પાક હવે ઉતરી રહ્યો છે. સજીવ ખેત પદ્ધતિના કારણે વિશાળકાય શક્કરીયા ઉતરી રહ્યા છે. ત્રણ થી પાંચ કીલોના મસ મોટા શક્કરીયા આશ્ચર્ય ઉપજાવી રહ્યા છે. (તસવીર : દિપક જાની)

મોડાસીયા કડવા પાટીદાર સમાજનું યુવા સંમેલન યોજાશે

પ્રાંતિજ, તા.૨૮

મોડાસીયા ગોળ કડવા પાટીદાર સમાજની હિંમતનગર સમાજવાડી ખાતે તાજેતરમાં મળેલી કારોબારી સભામાં સમાજનો ૪૩ મો સમૂહ લગ્નોત્સવ આગામી તા. ૨૫-૧-૨૦૧૫ના રોજ યોજવાનું નક્કી કરાયું છે. વિશેષમાં સમાજ દ્વારા યુવાશકિતને કામે લગાડી સમુહલગ્નો સફળ બનાવવા ઉપરાંત વ્યસનમુકિત, કુરીવાજો અને સમાજનું સંગઠન બળ વધારવા તેમજ શૈક્ષણિક અને વ્સવસાયિક ક્ષેત્રે ઉચ્ચ કારકિર્દી પ્રાપ્ત કરવાની દિશા પ્રેરતું યુવા સંમેલન આગામી વેકેશનમાં ઉજવવા અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. વળી આ બેઠકમાં સમાજનો આગામી શૈક્ષણિક ઈનામ વિતરણ સમારોહ યોજવા ઉપરાંત અગ્રણીઓ દ્વારા સમાજના સર્વાંગી વિકાસ ક્ષેત્રે કરાયેલ વિવિધ રચનાત્મક સૂચનોને આવકારી જરુરી નિર્ણયો લેવાયા હતા. આમ સમાજની આ કારોબારી સભા ફળદાયી રહેવા પામી હતી.

સેકટર-૨૪ સ્થિત સ્વામી વિવેકાનંદ સ્કુલમાં કાનુડો માગ્યો દેને...જશોદા મૈયા... ગીતની થીમ પર વેશભૂષા હરિફાઈ યોજવામાં આવી હતી. સ્પર્ધામાં શાળાના ૩૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ત્યાર બાદ વિદ્યાર્થીઓએ સ્ટેજ પર ભગવાન શ્રી કૃષ્ણના સૂત્રોચ્ચાર કર્યા હતા.મંદિરમાં કોણ છે... રાજા રણછોડ છે...હાથી ઘોડા પાલખી...જય કનૈયા લાલકી..ના સુત્રોથી વાતાવરણ ભકિતમય બની ગયું હતું. વેશભૂષા સ્પર્ધામાં પ્રથમ પરમાર, હિરશા પ્રજાપતિ, ડીમ્પલ વૈષ્ણવ, હેત મકવાણા, નયન પરમારને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ રથયાત્રાને લગતી માહિતી જાગૃતિબેન મહેતા અને શાળાના આચાર્યા હેમલતાબેને આપી હતી.

લેક્ચરર બનવા ફરજીયાત નેટની આજે પરીક્ષા લેવાશે

ગુજરાતમાં ચાર સેન્ટરો ઉપરથી પરીક્ષા : વિદ્યાર્થીઓમાં ભારે ઉત્તેજના : એક દિવસમાં ત્રણ પેપરોની પરીક્ષા હશે

અમદાવાદ, તા. ૨૮

યુનિવર્સિટી કે કોલેજમાં લેક્ચર બનવા માટે એલિજિબલ બનવા અથવા જુનિયર રિસર્ચ ક્લોરરશીપ મેળવવા માટે યુજીસી દ્વારા દેશમાં નિયત કરાયેલ યુનિવર્સિટી સેન્ટરોમાં આવતીકાલે નેટ પરીક્ષા લેવાનાર છે. જેમાં ગુજરાતના અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી, ભાવનગર યુનિવર્સિટી, વડોદરાની એમએસ યુનિવર્સિટી અને પાટણમાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટી એમ ચાર સેન્ટરમાંથી કુલ ૧૪,૯૯૪ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

વર્ષમાં બે વખત યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા યુનિવર્સિટી કે કોલેજમાં લેક્ચરર બનવા માટે એલિજિબલ બનવા અથવા જુનિયર રિસર્ચ ક્લોરરશીપ મેળવવા માટે નેશનલ એલિજિબીલીટી ટેસ્ટ લેવામાં આવતો હોય છે. જેમાં ગુજરાતમાં નેટ પરીક્ષા માટે અગાઉ અમદાવાદ, વડોદરા અને ભાવનગર એમ ત્રણ સેન્ટર જ હતા. હવે યુજીસી દ્વારા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીને ચોથા સેન્ટર તરીકે માન્યતા અપાતાં આ વર્ષે ગુજરાતમાં કુલ ચાર સેન્ટરો પરથી નેટની પરીક્ષા લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે વિદ્યાર્થીઓ નેટ પરીક્ષામાં એક જ દિવસે ત્રણ પેપર ૯:૩૦ સાંજે ૪:૦૦ વાગ્યા દરમિયાન આપવાના હોય છે. જેમાં બે પેપર બાદ બપોરે ૧૨ થી ૧:૩૦ સુધી રીસેશ અને ત્યાર પછી એક પેપરની પરીક્ષા હોય છે. ત્રણેય પેપર એમસીક્યુ પેટર્નમાં આવશે. જેમાં પ્રથમ ૧૦૦ માર્ક્સનુંપેપર તમામ વિદ્યાર્થીમાટેજનરલ, ત્યારબાદ ૧૦૦ માર્કસ અને ૧૫૦ માર્કસનું પેપર જે તે વિષયનું હોય છે.

મધ્યાહન ભોજન યોજનાના ડેપ્યુટી કલેક્ટર તરીકે સાધુ મુકાયા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં મધ્યાહન ભોજન યોજનાના ડેપ્યુટી કલેક્ટરની ખાલી જગ્યા પર શ્રી પી.ટી. સાધુની નિમણુંક કરવામાં આવી છે. તેઓ આ પૂર્વે ચૂંટણી પંચમાં તેઓ સેવાઓ આપતા હતા.

રાજ્યના મહેસુલ વિભાગે પાંચ ડેપ્યુટી કલેક્ટરોની બદલીના હુકમો જારી કર્યા છે. ચૂંટણી પંચમાં ચૂંટણીની કામગીરીને લઈ ઉભી કરાયેલી જગ્યાઓ બંધ થતાં આ બદલીઓ કરવામાં આવી છે.

વિધાનસભાના સત્ર બાદ બીજી બદલીઓનો ગંજીફો ચિપાય તેવી શક્યતાના નિર્દેશ મળી રહ્યા છે.

ટ્રાફિક રૂલ્સનું અમલ કરાવા ૧ પમીથી રાજ્યવ્યાપી ઝુંબેશ

અશક્ય લાગતી ટ્રાફિક સમસ્યાને નિવારવા તંત્ર આટલા વર્ષો પછી કડક વલણ અપનાવવા તૈયાર થયો છે. ટ્રાફીક સમસ્યાએ વસ્તી સમસ્યાની જેમ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું છે. રાજ્યભરમાં રોજ અકસ્માતોની સંખ્યામાં ઉત્તરો ઉત્તર વધારો થઈ રહ્યો છે તેના પગલે રાજ્ય ગૃહવિભાગ ટ્રાફીકના નિયમોની અમલવારી બાબતે જાગૃતિ કેળવવા ૧ પમી જુલાઈથી નવી ઝુંબેશ શરૂ કરવા જઈ રહ્યું છે. જેમાં ઘણા ટ્રાફિકના નિયમોને ફરજીયાત કરવામાં આવશે.

દુનિયામાં સૌથી વધુ અકસ્માતો ભારત દેશમાં થાય છે. ગુજરાત રાજ્યમાં પણ તેનું પ્રમાણ વધારે છે. રાજ્યમાં રોજબરોજ અકસ્માતોની કેટલીય ઘટનાઓ બને છે અને રોજ કેટલાંક લોકો મૃત્યુ પામે છે. અકસમાતોમાં મૃત્યુએ એક નિત્યક્રમ થઈ ગયો છે. અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા અને ટ્રાફિક નિયમોનું પાલન કરાવવા ગૃહરાજ્ય વિભાગે નવી ઝુંબેશની જાહેરાત કરી છે. રાજ્ય ગૃહવિભાગ આગામી ૧ પમી જુલાઈથી વાહનચાલકો માટે સીટ બેલ્ટનો ઉપયોગ ફરજીયાત કરવા જઈ રહી છે. ઉપરાંત વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ નહીં કરવા સહિતના નિયમોનું પાલન કરવા માટે ટ્રાફીક ઝુંબેશ શરૂ કરવા જઈ રહી છે.

સ્પોર્ટસ ડીએનએ દ્વારા વાય.એમ.સી.એ ક્લબ અમદાવાદ ખાતે કેરમ, ચેસ, ટેબલ ટેનીસ તથા બેડમીન્ટન જેવી ઈનડોર રમતોનું બે દિવસ માટે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કોર્પોરેટ ફિલ્ડમાં કામ કરતા યુવાનો ભાગ લઈ રહ્યા છે.

અસલાલીમાં ચરસના જથ્થા સાથે એક શખ્સની અટકાયત

અમદાવાદ, તા. ૨૮

એક કરોડના ચરસના જંગી જથ્થા સાથે એક શખ્સની ધરપકડ કરવામાં અમદાવાદ નાર્કોટિક્સ બ્યુરોના અધિકારીઓને સફળતા હાથલાગી છે. ચોક્કસ બાતમી મળ્યા બાદ આ સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. ઝડપાયેલા શખ્સની પુછપરછ કરવામાં આવી રહી છે. કોઈ નેટવર્કનો પર્દાફાશ થાય તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ અસલાલી પાસેથી આ શખ્સને આશરે એક કરોડની કિંમતનું ડ્રગ્સના જથ્થા સાથે પકડી પાડવામાં આવ્યો હતો. જમ્મુથી એક ટ્રકમાં ૧૯ કિલો ચરસ લઈને આવેલા કેરીયરને નાર્કોટિક્સ બ્યુરોના અધિકારીઓએ રોકી હતી તપાસ કરવામાં આવતા આમાથી શખ્સ ઝડપાઈ ગયો હતો. આ બનાવ અસલાલી ચાર રસ્તા ખાતે બન્યો હતો. શખ્સને સવારે પાંચ વાગ્યે ઝડપી લેવાયો હતો. પૂછપરછ કરતાં ચરસ સુરત ખાતે પહોંચ્યા બાદ મોબાઈલમાં મેસેજ મળે તે સ્થળે પહોંચી જઈ રીસીવરને આપી દેવાનું હતું. નાર્કોટિક્સ બ્યુરો દ્વારા આરોપી કરીયરની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

નાર્કોટીક્સ બ્યુરો દ્વારા જણાવ્યા અનુસાર, જમ્મુ-કાશ્મીર રાજ્યમાંથી જમ્મુ પાર્સીગની એક ટ્રક સુરત ડ્રગ્સ કન્સાઈમેન્ટ લઈને પહોચવાની હોવાની બાતમી મળી હતી. જે બાતમીના આધારે શુક્રવારની મોડી રાતથી અસલાલી ચાર રસ્તા પાસે વોચ ગોઠવતા શનિવારે વહેલી સવારે પાંચ વાગ્ય જમ્મુ પાર્સીગની ટ્રક નંબર જેકે ૦૨ એલ ૫૬૭૩ને રોકી ટ્રક ડ્રાઈવર હરજીદરસીંગની પૂછપરછ કરી ટ્રકની તલાશી લીધી હતી. ટ્રકના પાછળના ભાગે મુકેલા ડ્રમની અંદર ચરસના પેકેટ છુપાવેલા હોવાનું બહાર આવ્યું હતું. નાર્કોટીક્સ બ્યુરોએ ઈન્ટરનેશનલ વેલ્યુ પ્રમાણે એક કરોડ કિંમતનું ૧૯ કિલો ચરસ અને ટ્રકને કબજે કરી આરોપીની ધરપકડ કરી હતી. પોલીસ સમગ્ર મામલામાં વધુ તપાસ હાથ ધરી છે.

શબ્દાવલી - ૫૪૩૩



આડી ચાવી

૧. શોક કે વિરોધ દર્શાવવા કામધંધો બંધ કરવો તે (૪)
૪. છીંકણી, સુંઘણી (૩)
૭. વાંચનાર (૨)
૮. કીડા કે જીવડાથી તળે ઉપર થાય તેવું (૪)
૯. એને (ભોજપુરી જેવી ભાષાના ટોનમાં) (૨)
૧૦. સંરક્ષણ, ગુપ્ત રાખવું તે(૩)
૧૧. પાણીની સરવાણી, નાનું ઝરણું(૨)
૧૨. બાતમી મેળવનાર ખાતું(૫)
૧૫. સજન, પ્રજાના પાલક (૨)
૧૬. ડોકી, ગળુ (૨)
૧૭. દુઃખમાં આંસુ ના આવે પણ આંખો પાણીથી છલોછલ દેખાય તે(૫)
૧૯. 'હોનહાર' શબ્દ આડોઅવળો (૪)
૨૨. રક્તવાહિની (૩)
૨૩. ઠઠ્ઠામશ્કરી (૩)

ઊભી ચાવી

૧. વિમાન, બલૂન (૬)
૨. 'ડચ' જેવો અવાજ કરવો(૪)
૩. લાગ, મોકો (૨)
૪. નામોશી (૪)
૫. જયારે, હિન્દીમાં... (૨)
૬. કેન્સલ (૨)
૮. માલનું ખપી જવું, માલ વેચાઇ જવો (૩)
૧૦. અઘરું કામ, ગુંચવાયેલું કાર્ય (૪)
૧૩. ... ખોદે તે પડે (કહેવત)(૨)
૧૪. ખોટ, ગેરફાયદો (૪)
૧૫. પાટનગર, કેપિટલ સીટી(૪)
૧૮. ... કરીને પડો ફતેહ છે આગે (૩)
૨૦. હાકલ, મોટેથી અવાજ આવવો (૨)

શબ્દાવલી ૫૪૩૨ના જવાબ

આડી ચાવી :- (૧) પકડદ્યવ (૫) હિના (૭) થડકાર (૮) જણસ (૯) અનુપમ (૧૧) હું (૧૨) નતજ (૧૩) ઝલક (૧૫) બવાસીર (૧૭) ખલાસ (૨૦) કાસ (૨૧) ખખડધજ (૨૩) રનવે (૨૪) પકવાન

ઊભી ચાવી :- (૧) પથરી (૨) કડ (૩) ડકાર (૪) દ્યટ (૫) હિણપત (૬) નાસમજ (૮) જનુન (૧૦) હલવાસન (૧૩) ઝબકાર (૧૪) કસી (૧૬) રખ (૧૭) ખડક (૧૮) લાધવા (૧૯) સજન (૨૨) ખપ

અંગ્રેજી માધ્યમના બાળકોએ ફરી એકવખત મારેલુ મેદાન

અમદાવાદ, તા.૨૮

ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨ની પરીક્ષામાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ અંગ્રેજી માધ્યમનાં વિદ્યાર્થીઓ મેદાન મારવામાં સફળ રહ્યા છે. પરીક્ષામાં અંગ્રેજી માધ્યમના ૧૧૨ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવ્યો છે જ્યારે તેની તુલનામાં ગુજરાતી માધ્યમના માત્ર ૭૭ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવ્યો છે જ્યારે હિન્દી, મરાઠી કે ઉર્દૂ માધ્યમનો એકપણ વિદ્યાર્થી એ-૧ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યો નથી.

એપ્રિલ-૨૦૧૪માં ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં કુલ ૧,૨૮,૧૦૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૧,૦૫,૯૫૭ વિદ્યાર્થીઓએ ગુજરાતી માધ્યમમાં પરીક્ષા આપી હતી જ્યારે ૨૦,૨૯૪ વિદ્યાર્થીઓએ અંગ્રેજી, ૧૬૧૨ વિદ્યાર્થીઓએ હિન્દી, ૧૬૧ વિદ્યાર્થીઓએ મરાઠી અને ૭૬ વિદ્યાર્થીઓએ ઉર્દૂ માધ્યમમાં પરીક્ષા આપી હતી.

જેમાંથી ગુજરાતી માધ્યમમાં માત્ર ૭૭ વિદ્યાર્થીઓએ એ-ગ્રેડ મેળવ્યો છે જ્યારે ૧૬૫૪ વિદ્યાર્થીઓએ એ-૨, ૪૫૫૧ વિદ્યાર્થીઓએ બી-૧, ૮૨૯૯ વિદ્યાર્થીઓએ બી-૨, ગ્રેડ મેળવ્યો છે જ્યારે અંગ્રેજી માધ્યમમાં ૧૧૨ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ, ૯૮૦ વિદ્યાર્થીઓએ એ-૨ ગ્રેડ, ૧૮૪૬ વિદ્યાર્થીઓ બી-૧ ગ્રેડ અને ૨૭૩૫ વિદ્યાર્થીઓએ બી-૨ ગ્રેડ મેળવ્યો છે તો હિન્દી માધ્યમના પાંચ વિદ્યાર્થીઓએ બી-૧ ગ્રેડ અને ૮૨ વિદ્યાર્થીઓએ બી-૨ ગ્રેડ મેળવ્યો છે. મરાઠી માધ્યમમાં એક માત્ર વિદ્યાર્થી બી-૨ ગ્રેડ અને ઉર્દૂ માધ્યમમાં બે વિદ્યાર્થીઓ બી-૨ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા છે.

વગેરે... વગેરે.... ● બીજા પાનાનું ચાલુ

લીધેલી ભેસ ને કોઈ ખાણ નાં નાખે) દે લાખ તો કહે લે સવા લાખ (જયારે આપવા જ ન હોય ત્યારે વધારી ને બોલવું) શેઠ આવ્યા તો કહે નાખો વખારે (મોટા માણસ ને યોગ્ય સન્માન નાં મળે ત્યારે આમ બોલાય) દાતારી દાન કરે ત્યાં અનાડી આડો પડે ૯ દાનવીર ને દાન કરતા રોકવા કોઈક ને કોઈક નીકળી જ પડે) હિંગ જાય પણ ડબલું ગંધાય (વસ્તુ ખલાસ થઈ જાય પણ એનો સ્વભાવ છોડતો જાય) સોનીની સાંજને મોચીનું વહાણું (સોની અને મોચીના વાયદા - એકની સાંજ નાં પડે ને બીજાની સવાર) પાડો ચાલે પાંચ ગાઉ ને પખાળી ચાલે પંદર ગાઉ (પાડો પખાળી જેટલું જડપ થી ચાલી નાં શકે)

જાણા બધા વાચકોએ દાદી કે નાનીમાંના મોઢેથી વાતવાતમાં કહેવત સભર વાતો સાંભળી હશે પણ અફસોસની વાત છે કે આજકાલ કહેવતોનો લોક બોલી માં ઉપયોગ ઓછો થતો જાય છે અને જે થાય છે એ પણ -ચલિત અને લોકભોગ્ય કહેવતો જ વપરાય છે જે પણ ભાગ્યે જ સાંભળવા મળે છે. આજે પણ વાતચીતમાં જો સામે વાળી વ્યક્તિ કોઈ કહેવતનો ઉપયોગ કરે તો તરત જ ચમકી જવાય છે અને પછી જાણી વાર એવી જ બીજી કે નવીન કહેવતોને વાતચીતમાં વાપરવાનું મન થાય છે. જયાં સુધી લોકબોલીના તળપદી શબ્દો રોજીંદી વાતચીતમાં વપરાતા રહેશે ત્યાં સુધી કહેવતો વિકસતી રહે એ જરૂરી છે. જો કે આજના ઈન્ટરનેટના સમયમાં જાણા બધા લોકો કહેવતો આધારિત બ્લોગ્સ કે પોસ્ટ્સ દ્વારા કહેવતોનું જતન, વિસ્તરણ અને પરામર્શ કરી રજ્ઞા છે એ જોતા આપણે આપણી આવનારી પેઢીઓ માટે અને અત્યારે હયાત નવી પેઢીને પણ ભાષાની આ સચોટ અને અદ્‌ભુત રજૂઆતથી વાકેફ કરતા રહીએ એ જરૂરી છે.

રીમાઈન્ડર -

વરસ્યો ત્યારે વાડમાં વરસ્યો... વરસાદ ને અને વહુ ને જશ નહિ... વરસાદના ભીજવેલા સારા, પણ સુકવેલા માઠા... વરસાદના લપસ્યા અને રાજાના દંડયા એની શરમ નહિ... (થોડીક વરસાદી કહેવતો)

વિજ્ઞાન પ્રવાહનું પરિણામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમાવેશ થાય છે. સમગ્ર રાજયમાંથી ૧૪૧ જેટલા વિકલાંગ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ પૈકી ૨ વિદ્યાર્થીઓ એ-૨ ગ્રેડમાં પાસ થયા છે. પરીક્ષા દરમિયાન રાજયભરમાં સીડી ફૂટેજ અને ઓબ્ઝર્વર દ્વારા ૨૩૦ વિદ્યાર્થીઓ કોપી કરતા પકડાયા હતા તેમના પરિણામ અનામત રાખવામાં આવ્યા છે. જો કે જિલ્લામાં એકપણ કોપીકેસ નોંધાયો ન હોવાથી ગેરરીતીનો કોઈ કિસ્સો -કાશમાં આવ્યો ન હતો.

કચ્છ પ્રગતિના અનેકવિધ સોપાનો સર કરશે : પટેલ

ગાંધીનગર, તા.૨૮

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આવતીકાલે અષાઢી બીજથી શરૂ થતાં કચ્છીઓના નવા વર્ષ નિમિત્તે કચ્છી માડુઓને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે કચ્છ જિલ્લો હિન્દુસ્તાનનો સૌથી ઝડપી વિકાસ કરતો જિલ્લો બન્યો છે. પ્રવાસન તથા ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરવા ઉપરાંત કૃષિક્રાંતિના ક્ષેત્રે પણ નવી ક્ષિતિજો સર કરી રહ્યો છે તેનું શ્રેય કચ્છીઓના ખમીરને ફાળે જાય છે. રાજ્ય સરકાર પણ કચ્છની પ્રગતિના અનેકવિધ નવા સોપાનો માટે પ્રતિબધ્ધ છે, એમ તેમણે અષાઢી બીજના પર્વની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
R.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ